ISSN 2250 – 0391

# स्वाध्याय

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

પુસ્તક ૫૧ : અંક ૧-૪

સંપાદક
શ્વેતા પ્રજાપતિ

सत्यं शिवं सुन्दरम्
Estd. 1949

પ્રાચ્યવિદ્યામંદિર
મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા



# સ્વાધ્યાય

(વસંતપંચમી, અક્ષયતૃતીયા, જન્માષ્ટમી અને દીપોત્સવી) પુસ્તક ૫૧ : અંક ૧ - ૪
વિ. સં. ૨૦૭૦ ફેબ્રુઆરી - નવેમ્બર ૨૦૧૪

## અ નુ ક્ર મ


| | | |
|---|---|---|
| ૧. | વૈદિક દેવતા રુદ્રનો ક્રમિક વિકાસ - દિનેશકુમાર આર. માછી | ૦૧-૦૮ |
| ૨. | સામવેદ અને સંગીત - શ્વેતા અવધૂત જેજુરકર | ૦૯-૨૬ |
| ૩. | પાણિનીય વ્યાકરણ પરંપરામાં કારકપ્રકરણ અને વિકલ્પો - પ્રીતિ આર. પૂજારા | ૨૭-૩૬ |
| ૪. | 'अष्टाध्यायी'માં ઉલ્લિખિત શિલ્પકલા : એક અવલોકન - મહાકાન્ત જે. જોશી | ૩૭-૪૨ |
| ૫. | વાલ્મીકિ રામાયણના બાલકાણ્ડમાં નિરૂપિત અહલ્યાવૃત્તાંતનું પરિશીલન - મનસુખ કે. મોલિયા | ૪૩-૪૯ |
| ૬. | કાલિદાસ વિરચિત રઘુવંશ મહાકાવ્યના 'पुरस्कृता वर्त्मनि पार्थिवेन...' શ્લોકનું અર્થઘટન - વરદા વસા | ૫૧-૫૬ |
| ૭. | ભરતમુનિનું 'नाट्यशास्त्र' અને તેની આધુનિક પ્રાસંગિકતા- મહેશ ચંપકલાલ | ૫૭-૬૬ |
| ૮. | ભારતીય સંસ્કૃતિમાં નૃત્યમીમાંસા - ભીમજી ખાચરિયા | ૬૭-૮૦ |
| ૯. | રઘુવંશમાં આમ્ર માહાત્મ્ય : એક અધ્યયન - રબારી બલાભાઈ એસ. | ૮૧-૮૬ |
| ૧૦. | કાલિદાસ અને શ્રીહર્ષની કૃતિઓમાં વિમાન વર્ણન - સુરેખા કે. પટેલ | ૮૭-૯૧ |
| ૧૧. | 'दैवं पुरुषकारश्च' નું સંસ્કૃત સાહિત્યમાં સ્થાન - ગિરિશ કે. સોલંકી | ૯૩-૧૦૦ |
| ૧૨. | 'ઓકરિયારા ઓરડા રે.........' - જે. કે. ઉમરેઠિયા | ૧૦૧-૧૦૩ |
| ૧૩. | યાજ્ઞિક સાહેબ - ક્ષર અને અક્ષર દેહે - રાજેન્દ્ર નાણાવટી | ૧૦૫-૧૦૮ |
| ૧૪. | ચાચર-ચર્ચરી-એક અધ્યયન - ઉમાકાન્ત પ્રેમાનન્દ શાહ | ૧૦૯-૧૩૦ |
| ૧૫. | ગ્રંથાવલોકન | ૧૩૧-૧૩૮ |
| ૧૬. | સાભાર-સ્વીકાર | ૧૩૯-૧૪૦ |
| ૧૭. | પ્રાચ્યવિદ્યામંદિરની પ્રવૃત્તિઓ (૨૦૧૪-૨૦૧૫) | ૧૪૧-૧૪૫ |

# કાલિદાસ અને શ્રીહર્ષની કૃતિઓમાં 'વિમાન' વર્ણન

સુરેખા કે. પટેલ*

અનાદિકાળથી 'વિમાન' શબ્દ માનવના મસ્તિષ્ક ઉપર છવાયેલો હતો. 'વિમાન' શબ્દની વ્યાખ્યા કે તેનો અર્થ જોઈએ તો 'વિ' એટલે 'પક્ષી' અને 'માન' એટલે તેમનો અંદાજ, પક્ષીઓનું ઉડ્ડયન કે એમની ઊડવાની દિશા, અંતરિક્ષમાં પ્રવાહિત વાયુના વાતાવરણ સાથે વાતાયનનું સૂક્ષ્મ ધ્યાન રાખીને, દિશાનું નિર્ધારણ કરીને પક્ષીએ ગતિ કરવાની હોય છે. પક્ષીઓ અંતરિક્ષની દૂરી પોતાની પાંખો દ્વારા પૂર્ણ કરે છે. હવામાં પોતાના શરીરને તરતું મૂકીને પક્ષીઓ જે રીતે ગમન કરે છે તેવી જ રીતે ગમન કરનારી કોઈ કલા નિર્વિવાદરૂપથી અવકાશમાં અને અંતરિક્ષમાં ફરે અને મહિના કે વર્ષની દૂરીને દિવસ કે કલાકોમાં પૂરી કરી શકાય, તે શોધની પ્રક્રિયા માનવે યુગોથી સ્વીકારી છે.(અનંત આકાશમાં ભૂઃ, ભુવઃ, સ્વઃ, જનઃ, મહઃ, તપઃ, અને સત્ય આ સપ્તલોક પૃથ્વીથી ઉપર અંતરિક્ષની કોટિમાં આવે છે. 'અંતરિક્ષ' અર્થાત્ જેની પાછળ કોઈ આધાર ન હોય તે) અનંત કાળથી અંતરિક્ષમાં દેહધારી અને દેહરહિત તમામ પ્રાણીઓના ક્રિયાકલાપો જોવા મળે છે. આકાશવાણી, ભવિષ્યવાણી ક્યાંથી પ્રારંભ થઈ ? અંતરિક્ષમાં આ વાણી કોણ બોલનાર છે ? તે બધા મૂંઝવતા પ્રશ્નોનો જવાબ આપણને વૈદિક સાહિત્યમાં જોવા મળે છે. આદિકાળમાં પણ માનવ અને દેવતા પોતાની યોગશક્તિથી ભૂલોક અને અંતરિક્ષ સુધી વિવિધ લોકમાં યાત્રા કરતા હતા. જ્યારે વૈદિક યુગનો પ્રારંભ થયો ત્યારથી આ કાર્યમાં થોડી નવીનતા જોવા મળી.

ભારતીય સંસ્કૃતિમાં વૈદિક અને લૌકિક પરંપરામાં વિમાનો મંત્ર, તંત્ર અને યંત્રથી ચાલતાં હતાં, તેમાં બે મત નથી. પ્રાચીન કાળના વિમાનો કેવળ ઈંધણ(તેલ) અને પેટ્રોલથી ચાલતાં ન હતાં. મંત્ર અને તંત્રથી પણ ચાલતાં હતાં, અને યાંત્રિક પ્રક્રિયામાં વિવિધ પ્રકારની વનસ્પતિઓ અને વિવિધ પ્રકારનાં તેલ, વિવિધ ચૂર્ણ, વિવિધ પ્રકારની ચુંબકીય શક્તિઓ તેમજ વિવિધ પ્રકારનાં મૂત્ર(જેવાં કે ગાય, હાથી, ઘોડા, ઊંટ, ગધેડાંના મૂત્રથી)થી પણ વિમાન ચાલતાં હતાં. વિશિષ્ટ પ્રકારની ગતિ, ઉડ્ડયન, અવતરણ, દિશા નિર્ધારણ, વિશાક્ત શક્તિઓથી યાત્રીઓનું રક્ષણ, વિમાનમાં આહાર, વસ્ત્ર પરિધાન, મનોરંજન અને તે દિશાઓનું સુરક્ષિત અનુગમન તે સમયનાં વિમાનોમાં થતું હતું. તે બાબત ભરદ્વાજ ઋષિના 'बृहद्विमान शास्त्र' (यंत्रसर्वस्व)[१] નામના ગ્રંથમાં જોવા મળે છે. આ ગ્રંથ કુલ ૮ અધ્યાય, ૧૦૦ અધિકરણો અને ૫૦૦ સૂત્રોમાં વિભાજિત છે. ટીકાકાર બોદ્ધાનંદના મતે મૂળગ્રંથમાં સૂત્રો ઉપરાંત ૮૦૦૦ શ્લોકો હતા. પરંતુ, કાળક્રમે આ પ્રકાશિત ગ્રંથમાં ૩૦૦૦ જેટલા શ્લોકો છે. આ ગ્રંથના વર્ણન મુજબ ત્રેતાયુગમાં ૨૫ વિમાનો

---

**'સ્વાધ્યાય'** - પુ. ૫૧, અંક ૧-૪, વસંતપંચમી, અક્ષયતૃતીયા, જન્માષ્ટમી અને દીપોત્સવી અંક, ફેબ્રુઆરી-નવેમ્બર ૨૦૧૪, પૃ. ૮૭-૯૧. ISSN 2210-0391

* સંસ્કૃત વિભાગ, જી. ડી. મોદી કોલેજ ઓફ આર્ટ્સ, પાલનપુર, જીલ્લો : બનાસકાંઠા (ઉ.ગુ.)

१. महर्षि भरद्वाजकृत बृहद्विमानशास्त्र, प्रकाशकः सार्वदेशिक आर्य प्रतिनिधिसभा, नई दिल्ली, द्वितीय आवृत्ति १९७७.